શૃંગારદર્શન.

અથવા

મહાન્ કવિ મતિરામકૃત શૃંગારતિલક અને
ભોજ પ્રસ્તાવિક શૃંગારશતકનું
ભાષાંતર કવિતારૂપે.

રચનાર

ઠા. મેરુજી પેથસિંહ કળારિયા.

કોડુરે.

નિજમન રંજન કારણ કથી, ધરૂં કવિત ન કામ;
ક્ષમ સજ્જન ભાખુ મિષ ભણ, ન ધરે નકટાં નામ.

મુંબઈમાં
"વિદ્યાસાગર" છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૩૪—સન ૧૮૭૭.

મૂલ્ય ૪ આના.

શૃંગારદર્શન.

એટલે

મહાન્ કવિ કાલિદાસકૃત શૃંગારતિલક અને
થોડા પ્રસ્તાવિક શૃંગારશ્લોકનું
ભાષાંતર કવિતારૂપે.

રચનાર

ઠા. પ્રેમજી ખેતસિંહ કજારિયા.

દોહરો.

કીર્તિહીન કરણી કદી, ધરે કવિત્વ ન કાન;
હોય સમિપ હરણાક્ષિ પણ, ન લે નપુંસક નામ.

મુંબઈમધ્યે
"નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૩૪—સન ૧૮૭૭.

મૂલ ૪ આના.

પ્રસ્તાવના.

મહાન કવિ કાલિદાસ, પોતાના પ્રત્યેક કાવ્યમાં મધુરતા અને અદ્ભૂત અલંકાર મેળવાની સર્વોત્કૃષ્ટ છટાને લીધે, સ્વદેશમાં તો શું પણ પૃથ્વીના સઘળા સુધરેલા ભાગમાં, લોકપ્રિય થઇ પડ્યો છે. જેને સંસ્કૃતમાં જ્ઞાન છે તેને તો એ કવિની ખુબી સારી રીતે માલૂમ હશે, પણ માત્ર જેને ગુજરાતીમાંજ જ્ઞાન છે તેને માટે તો એવા કવિના દરેક ગ્રંથનાં ગુજરાતીમાં ભાષાંતર થવાં જોઇએ; જેથી સંસ્કૃતની પ્રૌઢી અને તેવા કવિની કુશળતા તેમના જાણવામાં આવે. આનંદની વાત છે કે હાલ ગુજરાતીમાં કેટલાક સારા વિદ્વાનો થયાછે અને તેમણે શકુંતલા આદિ કેટલાંએક નાટકોનાં તથા કેટલાંક કાવ્યનાં ભાષાંતર ગુજરાતીમાં કર્યાંછે અને કરેછે. ખરેખર! આ તેમના ગુજરાતી ભાષાને પ્રૌઢ કરવાનાં સ્તુત્ય પ્રયત્ન છે.

હું જ્યારે "ધી આલ્ફ્રેડ હાઇસ્કુલમાં" કેન્ડીડેટ વર્ગમાં હતો ત્યારે એક વખત, એ મહાન કવિનું "શૃંગારતિલક" મારા વાંચવામાં આવ્યું હતું. તેજ વખતે મેં નિશ્ચય કર્યો હતો કે મારે અનુકૂળ વખતે તેનું ભાષાંતર ગુજરાતીમાં કરવું. પાછળથી મેં મારો વિચાર પાર પાડયો; પણ એ કાવ્ય તો ઘણું નાનું તેથી તે વિષયને અનુસરતા થોડા પ્રસ્તાવિક શ્લોકો તેની સાથે દાખલ કર્યા અને પછી "શૃંગારદર્શન" નામ રાખી છપાવ્યું છે.

મારૂં કવિતાસંબંધી જ્ઞાન ઘણું ઓછું છે તેથી હું કવિતા કરી શકીશ કે નહીં તે અજમાવવાને પ્રથમ કલમ આ નાંના વિ-

યય ઉપર ચલાવી છે; માટે વિદ્વાનોને વિનંતી કરૂં છું કે એમાં જે કાંઈ ચૂક હોય તે, શીખાઉઅવસ્થા ગણી જતી કરવી.

મારે મારા પરમપ્રિય મિત્ર મુળજી આનંદજી ચપ્પરનો આભાર માનવો જોઇએ કે જેના ઉત્તેજનથી વિદ્વાન પુરૂષોને નમન કરવાના પ્રસંગનું મોઢું જોવાનો અવસર આવ્યો. અમારી ભાટિયા જ્ઞાતિને સુધારવાના જેવા વિચાર ઈશ્વરે એનામાં મેલ્યાછે, તેવા વિચાર કેટલાએક સમજુ ભાટિયામાં તો છે પણ એવા સઘળા ભાટિયામાં હોય તો કેવી મજા પડે ?

કાર્તિક સુદ ૧૧ }
સંવત ૧૯૩૪. }

ઠા૦ પ્રે૦ ખે૦ ક૦

શૃંગારદર્શન.

મંગળાચરણ.

દોહરો.

નિરાકારને નેહથી, પ્રણમી વારંવાર;
પ્રણમી કોવિદને કવું, કાલિદાસ શૃંગાર.

श्लोक.

बाहू द्वौ च मृणालमास्यकमलं लावण्यलीलाजलं
श्रोणी तीर्थशिला च नेत्रशफरं धम्मिल्लशैवालकम् ॥
कांतायाः स्तनचक्रवाकयुगलं कंदर्पबाणानलै
र्दग्धानामवगाहनाय विधिना रम्यं सरो निर्मितम् ॥ १ ॥

મનહર છંદ.

કામથી પીડિત એવા પુરૂષોની શાંતિ માટે,
વિધિએ વિચાર કરી શામાસર સર્જ્યું છે;
સરના સલિલ વિશે બાહુની જે જોડ દીસે,
તેને જાણે વિધિએ કમળનાળ નિર્મી છે;
લાવણ્યતા લલનાની, સરનું સલિલ ભણી,
આનન અંબુજગણી, શ્રોણી શિલા ચણીછે;
દ્રગને સફરગણી, વાળને સેવાળ ભણી,
કુચરૂપી ચક્રવાક વિહંગ વસેલછે. 1

आयांता मधुयामिनी यदि पुनर्नायात एव प्रभुः ।
प्राणा यांतु विभावसौ यदि पुनर्जन्मग्रहं प्रार्थये ॥
व्याधः कोकिलबन्धने हिमकरध्वंसे च राहुग्रहः ।
कन्दर्पे हरनेत्रदीधितिरहं प्राणेश्वरे मन्मथः ॥ २ ॥

પ્રાણને વલ્લભ એવા પ્રાણનાથ પ્રમોદી જે,
વસંતની રાત આવી હજુ નહીં આવ્યા રે;
તેથી તેમના વિયોગે, ગ્રહને પ્રણમી હું તો,
હોમવાને પીંડ મુજ કહું છું આરાધી રે;
પીક ને પીડક વ્યાધ ચંદ્રને રાહુ જ્યં સદા,
મદન પીડક હરનેત્રાનળ જેવો રે;
તેવી રીતે પ્રવાસમાં, મુજ પ્રાણ નાથને હું,
કામરૂપ પીડા આપનાર કામની છું રે. ૨

वाणिज्येन गतः स मे गृहपतिर्वार्ताऽपि न श्रूयते ।
प्रातस्तज्जननी प्रसूततनया जामातृगेहं गता ॥
बालाऽहं नवयौवना निशि कथं स्थातव्यमस्मद्गृहे ।
सायं संप्रति वर्तते पथिक हे स्थानांतरं गम्यताम् ॥ ३ ॥

વેપાર કરવા કાજ પધાર્યા પ્રદેશે પતિ,
કંપે કાય કારણ કે કંઈ નથી ભાળ રે;
જનની તેમની વળી પ્રભાતે ઊઠી જમાત્ર—
સદને સિધાવી છે સુતાપ્રસુત કાળ રે;
કહે કેમ રહી શકે રાત વાસો ઘર વિશે,
આવાસમાં એકલી અબોધ હું છું બાળ રે;

થઇછે સાયનકાળ સાંપ્રત સમય વિશે,
માટે પંથી બીજી જગ જઈ જાગ ભાળરે. ૩

कस्तूरीवरपत्रभंगनिकरो मृष्टो न गंडस्थले ।
नो लुप्तं सखि चंदनं स्तनतटे धौतं न नेत्रांजनम् ॥
रागो न स्वलितस्तवाधरपुटे तांबूलसंवर्धितः ।
किं रुष्टासि गजेंद्रमंदगमने किं वा मृदुस्ते पतिः ॥ ४ ॥

સખી તને પુછું વાત સાંભળ થઇને શાંત,
લુછાયો શાને ન લેપ ગાલેથી કસ્તુરીનો;
પિન પયોધરપર ચંદન તણો તે લેપ,
ખસ્યો નથી કેમ હજી કીધેલો જે કાલનો;
આંખમાં આંજેલ આલી અંજન અનામતછે,
પડયો નથી ફીકો રંગ અધરે તંબોળનો;
બોલ ગજગામિની રીસાઈતી રસિયા સાથ,
કે શું નપુંસક તે સજેલ છે સદાયનો ? ૪

समायाते कांते कथमपि च कालेन बहुना ।
कथाभिर्देशानां सखि रजनिरर्द्धं गतवती ॥
ततो यावल्लीलाकलहकुपिताऽस्मि प्रियतमे ।
सपत्नीव प्राची दिगियमभवत्तावदरुणा ॥ ५ ॥

સવૈયો બત્રીશો.

પ્રાણ જિવન પ્રવાસ કરી કરિ ઘેર ઘણેદિવસે સખિ આવ્યા,
વાત વિદેશાતણી વદતાં વદતાં સઘ સર્વરિ અર્ધ સીધાવ્યાં;
પ્યારિ નમી ધરિં પ્રેમ પછી હું સપ્રેમ. કલહ જવ કરવા લાગી,
આવી ઉભિ મુજશોક સવારત્યાં પ્યારિપતિ સંગ તેથિ ન રાગી. ૫

एको हि खंजनवरो नलिनीदलस्थो ।
दृष्ट: करोति चतुरंगबलाधिपत्यम् ॥
किंवा करिष्यति भवद्वदनारविंदे ।
जानामि नो नयनखंजनयुग्ममेतत् ॥ ६ ॥

પૃથ્વી છંદ.

જુએ પુરૂષ જે કદી કમળમાં પક્ષી ખંજને,
બને પલકમાં પ્રજાપતિ યમે કળે મુજને;
મુખારવિંદ તાહરે નયનખંજનો જે જુએ,
કળેન મન મુજકાંય નિરખી શું તે લાભલે. ૬

अपूर्वो दृश्यते वन्हि: कामिन्या: स्तनमंडले ॥
गात्रं दहति दूरेण हृदि लग्नस्तु शीतल: ॥ ७ ॥

ભુજંગી છંદ.

ક્ષણે અગ્નિ દેખાય છે નારિ કૂચે,
દહે દેહ જે દૂરથી નીજ આંચે;
પરંતૂ જઈ પાસ શોભા સુરંગે;
લિયે ભિટ તો થાય થંડોજ અંગે. ૭

श्लाध्यं नीरसकाष्ठताडनशतं श्लाघ्य: प्रचंडातप: ।
क्लेश: श्लाघ्यतर: सुपंकनिचयै: श्लाघ्योऽति दाहोनलै: ॥
यत्कांताकुचपार्श्वबाहुलतिकाहिल्लोललीलासुखं ।
लुब्धं कुम्भवर त्वया नहि सुखं दु:खैर्विना लभ्यते ॥ ८ ॥

છપ્પો.

ઘડ્યો ઘણા વરતને, વાર શતકાષ્ટે ટીપી,
તપવ્યો તડકામાંય, પંક તુજ અંગે લીપી;

શેકયો અગ્નિ વિશે, યોગ્ય સૌ એ દુખ લાગે,
શામાસ્તનની તળે, બાહુ લતા મધ્ય આગે;
જે સરસ સૂખ સંપાદવું, તારે તો આ ભવવિશે,
કહે પ્રેમ નથિ મને લાગતું, લાભવિના દુખે થશે; ૮.

किं किं वक्त्रमुपेत्य चुंबसि बलान्निर्लज्ज लज्जा क्व ते ।
वस्त्रांतं शठ मुंच मुंच शपथैः किं धूर्तवाग्बंधनैः ॥
खिन्नाऽहं तव रात्रिजागरवशात् तामेव याहि प्रियां ।
निर्माल्योज्झितपुष्पदामनिकरे का षट्पदानां रतिः ॥ ९ ॥

નિકટ આવી હે શઠ, જોરે શું ચુંબન કરશે;
ચાલ ચાલ નીરલજ, સોગન ખાસે શું સરશે;
છોડ છોડ છકેલ, છોડ છેડો છાયલનો;
તારા વિયોગ થકી, ખેદ ઉપન્યો જાગ્રણનો;
તવ પ્રિય લાગે જે પ્રાણથી, પકડ જઇ તે પ્રેમદા;
નિરમાલ્ય કુસૂમ સમૂહને, અલી અડકશે શું કુદા? ૯

क्व भ्रातश्चलितोऽसि वैद्यकगृहं किं तत्र शांती रुजां ।
किं ते नास्ति गृहे सखे प्रियतमा सर्वान् गदान् हंति या ॥
वातश्चेत्कुचकुंभमर्दनवशात् पित्तं च वक्त्रामृतात् ।
श्लेष्माणं विनिहंति हन्त सुरतव्यापारकेलिश्रमात् ॥ १० ॥

ભ્રાત અલ્યા ક્યાં ધાય? વૈદ સદને શું જાયે?
શરીરના રોગની, તીઆં શાંતિ શું થાયે?
રોગ વિદારક નાર, નથી સદને શું ભાઇ?
(કારણ કે) વાયુ કદી જો થાય, કુચમરદનથી જાઇ;

વળી પિત્ત કદી પિંડે વસે, તુંએ ચેનજ થાય છે;
પ્રેમ કહેછે કફકાયનો, મૈથુને તો જાય છે. ૧૦

इन्दीवरेण नयनं मुखमम्बुजेन ।
कुन्देन दंतमधरं नवपल्लवेन ॥
अङ्गानि चम्पकदलैः स विधाय वेधाः ।
कान्ते कथं घटितवानुपलेन चेतः ॥ ११ ॥

ઇંદ્રવિજય છંદ.

અંબુજના દળ માફક માનુનિ નેણ કર્યાં તુજ કોમળ કેવાં;
કુંજ સમાન કર્યૂં અલિઆનન દંત કર્યાં વળિ ડોલર જેવા;
ચંપ સમાન અવેવ કર્યાં સર્વ હોઠ કર્યાં નવ પલ્લવ જાણી;
શૈલ્ય સમાન કર્યું તુજ કાળજું કેમ પ્રજાપતિએ વદ સ્યાણી. ૧૧.

ये ये खंजनमेकमेव कमले पश्यंति दैवात् क्वचित् ।
ते सर्वे कवयो भवंति सुतरां प्रख्यातभूमीभुजः ॥
त्वद्वक्त्रांबुजनेत्रखंजनयुगं पश्यंति ये ये जना
स्ते ते मन्मथबाणजालविकला मुग्धे किमत्यद्भुतम् ॥ १२ ॥

ચામર છંદ.

કો કદી જુએ સુકુંજમાંજ ખંજ ભાગ્યથી,
તો કવી બને વ થાય રાજ તેજ લાભથી;
આંબરૂપિ ખંજ તાહરા મુખાંબુજે વસે,
વાતતો નવીન પેખનાર કામમાં ફસે. ૧૨.

यामिन्येषा गहनजलदैर्बद्धभीमांऽऽधकारा ।
निद्रां यातो गृहपतिरसौ क्लेशितः कर्मदुःखी ॥

बाला चाहं मनसिजभयात् प्राप्तगाढप्रकंपा ।
ग्रामश्चौरैरयमुपहत: पांथ निद्रां जहीहि ॥ १३ ॥

નારાચ છંદ.

થઇછરાત કાળિઆજ આવવાથિ મેઘરે,
સુતેલ છે પતીજ મુજ કર્મદૂખથી ખરે;
પ્રકંપ કાયમાંજ નીપજ્છે કામબાણથી,
તસ્કરભીક ગ્રામમાં નિદ્રા તું છાંડ હે પથી. 13

इयं व्याधायते बाला, भ्रूरस्या: कार्मुकायते ॥
कटाक्षाश्च शरायंते, मनो मे हरिणायते ॥ १४ ॥

કાવ્ય છંદ.

આહેડીસમ આચર્ણ, કરે યુવતી આ વેળા,
ચાપ સરિખાં દીસે, ભ્રમર તારાં રૂપાળાં;
કટાક્ષ દ્રષ્ટીવળી, બાણસરખી તુજ લાગે,
કુરંગસમ મુજ મન, વર્તેવામા તુજ આગે. 14

दृष्टिं देहि पुनर्बाले, कमलायतलोचने ॥
श्रूयते हि पुरा लोके विषस्य विषमौषधम् ॥ १५ ॥

દોહરા.

પંકજાક્ષિ પ્રમદા કહું, દરશણ દે આ વાર;
વિષનું ઓસડ વિષસહી, વિદ્દજન વીચાર. 15

कुसुमे कुसुमोत्पत्ति:, श्रूयते नच दृश्यते ॥
बाले तव मुखांऽभोजे कथमिंदीवरद्वयम् ॥ १६ ॥

શ્રવણ્યું ન દરસ્યું કોયદી, ફુલપર ઉગે ફૂલ્ય;
તવ બાળા મૂખાંબુજે, શા એ કમળ અમૂલ્ય ! 16

प्रविश झटिति गेहं मा बहिस्तिष्ठ कांते ।
ग्रहणसमयवेला वर्तते शीतरश्मेः ॥
तदिह विमलकांतिं वीक्ष्य नूनं स राहु-
र्ग्रसति तव मुखेंदुं पूर्णचंद्रं विहाय ॥ १७ ॥

વસંતતિલકા છંદ.

કાંતાતું પેંસ ઝટ મ્હેલ ન ઊભ બ્હાર,
છે વેળ ચંદ્રગ્રહણની હમણાંતું જાણ;
વીધૂ થકી વદન વીમળ તુજ જોઈ,
તેને મુકી તું ગળશે ધસિ રાહુ મોહી. ૧૭

अयि मन्मथचूतमंजरि, श्रवणायतचारुलोचने ॥
अपहृत्य मनः क यासि तत् किमराजकमत्र राजते ॥ १८ ॥

આંખો વિશાળ કરિ કાનસુધીજ સારી,
હે સૂરતાંબ્રમરી સુણ વાત મારી;
મારૂં હરી મન અલી કંઈરે તું જાસે,
આંહી અરાજક બધૂં શું તનેજ ભાસે. ૧૮

अंतर्गता मदनवह्निशिखावली या ।
सा बाधते किमिह चंदनचर्चितेन ॥
यः कुंभकारपवनोपरिपंकलेप-
स्तापाय केवलमसौ न च तापशान्त्यै ॥ १९ ॥

શાર્દૂલવિક્રીડિત છંદ.

જો ઊઠે કદિ જ્વાળ કામ અગની કેરીજ અંગે અતી,
ઓછીતે કદિ થાય ચંદનતણા લેપે કહે રેસતી;

નીભાગ્યે ચકરી કરે કિચડનો સુલેપ ધાડો ખરે,
પીડાકારક થાય તેજ ઉલટો તેણે ન આની ડરે. ૧૯

दृष्ट्वा यासां नयनसुषमां वंगवारांगनानां ।
देशत्यागः परमकृतिभिः कृष्णसारैरकारि ॥
तासामेव स्तनयुगजिताः कुंभिनः संति मत्ताः ।
प्रायो मूर्खः परिभवविधौ नाभिमानं तनोति ॥ २० ॥

હરિગીત છંદ.

વારાંગનાનિ વાંકડી જોઈ આંખડી હારી ગયા,
માટે તજી નીજ દેશને કુરંગ જઈ વનમાં વસ્યા;
કૂચની સરસાઈમાં હારયાથી હસ્તી મત્ત થયા,
પામી પરાભવ મૂરખા ગર્વીષ્ટ નવ કોદી થયા. ૨૦

कथमेतत् कुचद्वंद्वं पतितं तव सुंदरि ॥
पश्याधःखननान्मूढ पतन्ति गिरयोऽपि च ॥ २१ ॥

દોધક છંદ.

કામનિ કૂચ પડ્યાં તુજ શાને ? મૂઢ તને કહું તે ધર ધ્યાને;
મ્હાડ પડયા છ ખાણ્યા ધિજ પ્રૌઢા, શીગણતી તવ કૂચ નિભૂંડા. ૨૧

कोपस्त्वया हृदि कृतो यदि पंकजाक्षि ।
सोऽस्तु प्रियस्तव किमत्र विधेयमन्यत् ॥
आश्लेषमर्पय मदर्पितपूर्वमुच्चै-
र्दंतक्षतं मम समर्पय चुंबनं च ॥ २२ ॥

મદિરા છંદ.

ક્રોધ ધરે કમળાક્ષિ કદી તુજ કાયવિશે અતિશેજ ચહી,
હોય ભલે પ્રિયતે તુજને વદતો નથિ તેજ વિશે હું કંઈ;

આપ આલીંગન આજ અલી પુરવે વળિ દીધલ પ્રીત થકી,
ચૂંબન આપ મને અથવા દંતના ક્ષત જ્યાંહિ પડેજનકી. ૨૨

इति महाकविश्रीकालिदासविरचितं शृंगारतिलकं समाप्तम् ।

प्रस्ताविक श्लोक.

जाता लता हि शैले, जातु लतायां न जायते शैल: ।
अधुना तद्विपरीतं कनकलतायां गिरिद्वयं जातम् ॥ २३ ॥

મનહર છંદ.

ગિરિપર ઉગે વેલ, એતો કુદરતી ખેલ,
જગતમાં જનમેલા જનોએ જાણેલ છે;
પણ પ્રીયા સાચ બોલ, કહું તેનો કરી તોલ,
લાગે ગિરિવેલીપર વાત ક્યાં બનેલ છે?
નારે નારે નારે નાથ, એવી ક્યાં બનેછ વાત,
દેખં ત્યારે દેખાડવું દાખલો દીઠેલ છે;
પ્રિયાતને કનકની વેલડી કરતારે કરી,
કેમ તારે ઉર કુચ ગિરિઓ લાગેલ છે. ૨૩

* नाथ विलोकय मेघं कुतोस्ति पापं तवातिपुण्यायाः ॥
ननु कथयामि पयोधरमपसारय कंचुकीमुरसः ॥ २४ ॥

---

* એક સ્ત્રીએ પોતાના ધણીને વરસાદના અર્થમાં કહ્યું કે, પેલા મેઘ જુઓ. ધણીએ તેનો અર્થ ઉલટાવીને કહ્યું કે તું કહેછે કે "મારૂં પાપ (મેઘ) જુઓ" પણ તારા પુણ્ય આગળ પાપ ક્યાં ઉભું રહેછે કે હું જોઉં? પેલી કહે એમ નહીં પણ મેઘ એટલે પયોધર જોવા કહું છું; પેલાએ પયોધરનો જુદો અર્થ લઇ કહ્યું કે તારી કાંચળી ઉતાર તો હું પયોધર (સ્તન) જોઉં.

નારી એક કહે નિજ નાથને સુનેહ રાખી,
નાવલા નિરખો પેલો 'મેઘ' જે દેખાયછે,
કંથે ત્યારે કથી વાણ, પ્રિયા તું દીસે અજાણ,
વળી તારા પુન્ય પાસ પાપ કયારે ફાવેછે;
પ્રાણનાથ નહીં એમ વદતી નથી હું તેમ,
જોવા કહું 'પયોધર' જે અતિ રસાળછે;
તવ કંથ કહે, નાર કંચુકી તું કાઢ બ્હાર,"
'પયોધર' પેંખ્યા થકી વપુવન્હિ વામે છે. ૨૪

जागर्ति लोको ज्वलति प्रदीपः ।
सखीजनः पश्यति कौतुकं मे ॥
मुहूर्तमात्रं कुरु कांत धैर्यं ।
बुभुक्षितः किं द्विकरेण भुंक्ते ॥ २९ ॥

વસંતતિલકા છંદ.

જાગેછ લોક હજિઆ દિપતો બળેછે,
મારી સખીય મુજ કૌતક તો જુએછે;
ધારો નિમીશ ધિર કંથ થશેજ ચારૂ,
લાગ્યાથિ ભૂખ દ્વિકરે શું ખવાય વારૂ? ૨૫

भो पांथ पुस्तकधर क्षणमत्र तिष्ठ ।
वैद्योऽसि किं गणितशास्त्रविशारदोऽसि ॥
केनौषधेन मम पश्यति भर्तुरंबा ।
किंवाऽऽगमिष्यति पतिः सुचिरप्रवासी ॥ २६ ॥

સર્વગામી છંદ.

પંથી અહીં આવ પૂછું તને પ્રેમથી, શાનિ છે ચોપડી તુજ હાથે?
છે વૈદ કે જોશિવા શાસ્ત્ર કયું જાણતો, છે વિચારી કહે મુજ સાથે?
જો વૈદ તું હોય તો સાસુ છે આંધળી શાથિ સારી થશે કેહમૂને?
જોશી કદી હોયતો આવશે કયાહરે ગામડેથી પતી પૂછું તૂંને? ૨૬
स्मितेन भावेन च लज्जया भिया, पराङ्मुखैरर्धकटाक्षवीक्षणैः ॥
वचोभिरीर्ष्याकलहेन लीलया समस्तभावैः खलु बंधनं स्त्रियः २७

અરવિંદમુખી છંદ.

સ્મિત છે હસવું અભિપ્રાય ગંભીર લજા વળિ બીક તણી ધરનારિ;
અભિમાન ધરી વળિ વાણ વદે મિટમાંડિ કટાક્ષ કરે ધિરધારિ;
અભિલાસ વિલાસ ક્ષણૂ ક્ષણુ એ મૃદુ વાયક મૂખથકી વદનારિ;
ઉપચાર કરીયમનારિનરો મન મોહ લગાડિ કરે અનુસારિ. ૨૭

कस्येयं तरुणि प्रपा पथिक नः किं पीयतेऽस्यां पयो ।
धेनूनामथ माहिषं बधिर रे वारः कथं मंगलः ॥
सोमो वाऽथ शनैश्चरोऽमृतमिदं तत्तेऽधरे दृश्यते ।
श्रीमत्पांथ विलास सुंदरसखे यद्रोचते तत्पिब ॥ २८ ॥

ઇંદ્રવિજય છંદ.

પૂછું તને પ્રમદા હું સપ્રીતથિ કોનિ તળાવડિ છે? કળમારી;
છે અભિ રૂચિ પિવાપય કેરિ? શું ગાયનું કે મહિષીતણું નારી?
સૂણ બધીરતને કહું વાર, શું મંગળ કે શનિ યા ઇંદુ સારો?
નાહિં સુધા, તુજ હોઠ દીસે, કરપાન કદિ જિવચાહ્યજતારો. ૨૮
भो पांथ त्वरितोऽसि तिष्ठ निमिषं किंचिद्वदामो वयं।
मार्गोऽयं पुरतो द्विधा खलु भवेद्वामेन नो गम्यतां ॥

तत्राऽऽस्ते सहकारकोमलतरोर्मूले प्रपापालिका ।
तस्यालोचनवागुरानिपतितो न त्वं पुनर्यास्यसि ॥ २९ ॥

સાંભળ પાંથ ઉભી પલવાર જજે પછિઊર ઉલાસ ધરીને,
મારગ એજ થશે તુજને મુકીવામ જજે જમણોજ ચહીને;
વામ વિશે વળિતારૂણિ અંબ તરૂતળમાંછ તલાવડિ સારી,
લોચન જાળવિશે પકડયો કદિ તો નથી છુટ માગ્યા તણિ બારી.૨૯

केशैः केसरमालिकामपि चिरं या बिभ्रती खिद्यते ।
या गात्रेषु घनं विलेपनमपि न्यस्तं न सोढुं क्षमा ॥
द्वीपस्याऽपि शिखां न वा स्वभवने शक्नोति या वीक्षितुं ।
तापं सा विरहाऽनलस्य महतः सोढुं कथं शक्ष्यति ॥ ३० ॥

ફૂલ બકૂલનિવેણિતણો નથી ભારખમી શકતી રતિ શીરે,
શંકય નથી ખમવા અંગરાગ કિધેલસકોડથી જેહ શરીરે;
શંકય નથી દર્શવા વળિદ્યોત દિવા કર કેરિ મહેલ વિશેરે,
એવી સુનાર વિયોગ રૂપી જ્વર કેમ સહિ શકું દીન નિશેરે. ૩૦

भो रोहिणि त्वमसि रात्रिचरस्य भार्या, एनं निवारय
पतिं सखि निवारं ॥ जालांतरेण मम सद्मनि
सन्निविष्टः श्रोणीतटं स्पृशति किं कुलधर्म एषः ॥ ३१ ॥

છપો.

શામા છે સોમની, રોહિણી માટે કહું છું,
દીએ દુખ પ્રતિ દિન, પતિ તુજ સહી તે લો છું;
રહિ જાળીઆ માંય, ધસી સદને તે આવે,
કરી સ્પર્શ શ્રોણીએ, તાપ તનમાં ઉપજાવે;

શું ધર્મવળી કૂલીનનો, એછે કે કાંતામને,
વારજે હવેથી કંથને, કહું છું વિનતી તુજને. ૩૧

जटा नेयं वेणीकृतकचकलापो न गरलं ।
गले कस्तूरीयं शिरसि शशिरेखा न कुसुमं ॥
इयं भूतिर्नाऽगे प्रियविरहजन्मा धवलिमा ।
पुरारातिभ्रांत्या कुसुमशर किं मां व्यथयसि ३२ ॥

નથી જટામુજશીશ, વેણી ગુંથી છે સારી,
નથી ઇંદૂ લલાટ, કુસુમએ છે સુખકારી;
નથી ગ્રિવાએં ગરળ, લેપછે મૃગમદ કેરો,
નથી અંગમાં છાર, પતી વ્રેહે ધોળેરો;
માટે મનમથ તુજને કહું, કરૂણાત્મક વાયક કથી,
શાને પીડે મુજ દેહેડી, ચંદ્રચુડ હું તો નથી. ૩૨

लोचने हरिणगर्वमोचने, मा विदूषय नतांगि कज्जलैः ॥
सायकः सपदि जीवहारकः किं पुनर्हि गरलेन लेपितः ॥३३॥

તોટક છંદ.

મૃગનો મદમોચકમાનુનિરે, શિદ્મશથી દોષિત આંખ કરે,
શરજો ઝટ પ્રાણિજ પ્રાણહણે, વિષ ચોપડવે શું વિશેષ બને ? ૩૩

कामिनीनयनकज्जलपंकादुत्थितो मदनमत्तवराहः ॥
कामिमानसवनांतरचारी मूलमुत्खनति मानलतायाः॥ ३४ ॥

હરિગીત છંદ.

કાંતાતણા કાજળ રૂપી કીચડમાંથી ઊપન્યો;
મનમથ દોન્મત્ત વરાહ કામીજનમનવને વસ્યો;

કરી ગમન મનવનવીશે લતા પ્રતીષ્ટા જોઇને,
મુળ મોડવાને તેતણું દોડયો મુદીત મન હોઇને. ૩૪

मंदमंदगमनां करिणी किं वा विशालनयना हरिणी किं ॥
पूर्णचंद्रवदना रजनी किं, पश्य पश्य च सखे तरुणीयं ॥३५॥

મંદગતીએ ચાલતી આવે તે શું છે હાથણી?
છે લોલવળી વિશાળ દ્રગ માટે કળે કુરંગણી;
છે ચંદ્ર પૂર્ણિમાતણો તેથી હશે નીશ આવતી,
મિત્રો નહી નીરખોતમે રૂપે છે રંભાયુવતી. ૩૫.

अधरस्य मधुरिमाणं कुचकाठिन्यं दृशोश्च तैक्ष्ण्यम् ॥
कवितायां परिपाकं ह्यनुभवरसिको विजानाति ॥ ३६ ॥

પયોધરતણી પિનતા તથા સ્વાદીષ્ટતા સુહોઠની,
કવીતાતણી સરસાઇને ચપળાઇ ચંચળ આંખની;
ધરીને અભંગ ઉમંગ અંગ સુરંગના તરંગથી,
કે પ્રેમ જાણે અનુભવિ વારસિકજન હોય તે નકી. ૩૬

विस्तारितं मकरकेतनधीवरेण । स्त्रीसंज्ञितं
बडिशमत्र भवांबुराशौ ॥ येनाचिरात्तदधरामिष
लोलमर्त्यमत्स्यान्विकृष्य पचतीस्मनुरागवन्हौ ॥ ३७ ॥

સંસાર સાગરને વિશે સ્મર ધીમરે શામા રૂપી;
નાખેલછે ગલ પકડવા નર મીનને તેમાં નકી;
જે લુબ્ધ યોન્યામીષપર નરમીન એવાને પરે,
કહે પ્રેમ આકર્ષી કરી પકયે છ પ્રીતી પાવકે. ૩૭

मधु तिष्ठति वाचि योषितां, हृदि हालाहलमेव केवलं ॥
अतएव निपीयतेऽधरो, हृदयं मुष्टिभिरेव ताड्यते ॥ ३८ ॥

દોહરો.

વનિતા વેણ અમી વસે, વસે હ્રદયમાં વીષ,
અધરામૃતમાટે પિયે, મરદે છાતિપતીશ. ૩૮.

विरमत विरमत सख्यो नलिनीदलतालवृंतपवनेन ॥
हृदयगतोयं वन्हिर्झटिति कदाचिज्ज्वलत्येव ॥ ३९ ॥

ગીતી.

પંકજ પત્રને પંખે, પવન ન નાખીશ શ્યાણિ સખી મુને,
પતિ વ્રેહનો વન્હી, વિશેષ વધીને દઝાડશે તનને. ૩૯

द्विजराजमुखी मृगराजकटी, तरुराजविराजितजंघत्रटी ॥
ईदृशी युवती हृदये वसति क्व जपः क्व तपः क्व समाधिविधिः॥४०

કાવ્ય છંદ.

આનન ઇંદુ સમાન, કટી કેસરિના જેવી;
કદલી તરૂ સમ જાંગ, પ્રેમ કે' પ્રમદા એવી;
વસી છે જેને ઉર તેણે કરવી શાં માટે,
જપ તપ સમાધિ તણી, વીધી બેસી નદ ધાટે. ૪૦

સૂચના

જણાવવામાં આવે છે કે, શૃંગારસમાલોચના [illegible]
શૃંગારદર્શન', તેમને ખરીદવાની ઇચ્છા હોય, તેમ
નીચે જણાવેલ ઠેકાણેથી રોકડી કિંમતે મળશે.

મુંબઈ— ફણગાવાડીના રસ્તા ઉપર જુની મહાજનવાડી [illegible]
પાસે મળશે.

ઠાકુરદ્વારના રસ્તા ઉપર ગામવાડી પાસે [illegible]
સેવક દામોદર ઇશ્વર તથા [illegible] પાસેથી મળશે.

અમદાવાદ— ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની ઓફિસ
માંથી મળશે.

ડા. [illegible] કવિ